### ત્રીજા દિવસે નડિયાદ પ્રાંતના મહોળેલ અને ખેડાના પાણસોલી ગામેથી યાત્રાનો પ્રારંભ

# એકતા 'રથયાત્રા' થકી ગામડાં બન્યાં સરદારમય

**નવગુજરાત સમય > નડિયાદ**



સમગ્ર રાજ્યમાં સરદાર એકતા રથ યાત્રાના પરિભ્રમણ દ્વારા સરદાર સાહેબને ઐતિહાસીક આદરાંજલિ આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે સરદાર એકતા રથ યાત્રાના પ્રથમ તબક્કાના ત્રીજા દિવસે પણ નડિયાદ પ્રાંતમાં સમાવિષ્ટ મહોળેલ ગામથી શુભારંભ કરાયો હતો. જ્યારે ખેડા પ્રાંત વિસ્તારમાં સમાવિષ્ટ પાણસોલી ગામેથી પ્રારંભ કરાયો હતો.

રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સરદાર સાહેબના યોગદાન, ભારતીયોના દિલમાં રાષ્ટ્ર પ્રેમનો નવો જુસ્સો પેદા કરતી સરદાર એકતારથ યાત્રા ગામે ગામ ફરીને સરદાર સાહેબના એકતા અને અખંડિતતાનો સંદેશો ફેલાવી ગામે ગામને સરદારમય બની રહ્યું છે. યાત્રાના ત્રીજા દિવસ સોમવારે નડિયાદ પ્રાંતમાં સમાવિષ્ટ મહોળેલ, સલુણવાંટા, ઉતરસંડા, ભૂમેલ, ગુતાલ અને કણજરી ગામોએ તેમજ ખેડા પ્રાંતના પાણસોલી, ગોબલજ, મહિજ, લાલી, બીડજ, સાંખેજ, સમાદરા અને કાજીપુરા ગામોના ગ્રામજનો દ્વારા એકતા યાત્રામાં સરદાર સાહેબની પ્રતિમાને કંકુ-તિલક કરી પુષ્પહાર પહેરાવી આરતી ઉતારવામાં આવી હતી. યાત્રામાં જોડાયેલા ગ્રામજનોએ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના શપથ લીધા હતા.